# ચંડૂલ (Lark)

**પંખી લોક**

★ પ્રવીણ સરવૈયા

**ચંડૂલનો કંઠ બહુ મીઠો છે, તે પ્રવાહી, મીઠા, સિસોટી જેવા સ્વરે ગાય છે, તે જાતજાતનાં પંખી તથા કૂતરા-બિલાડાની બોલીના પણ ચાળા પાડી શકે છે અને ચંડૂલ સુંદર સ્વરમાં સંગીતબદ્ધ સૂરમાં ગાઈ શકે છે**

કેટલાંક પંખીઓ ઝાડમાં છુપાઈને ગાય છે, કેટલાંક ખુલ્લામાં ગાય છે તો કેટલાંક આકાશમાં ઊંચે ઊડતાં ગાય છે. આવાં હવામાં તરતાં રહીને ગાય એ વ્યાઘાટ-કુળનાં ભૂચર પક્ષીઓ. તેમાં ચંડૂલ પક્ષીનો સમાવેશ થાય છે.

ચંડૂલ આપણી સામાન્ય ચકલીથી જરા મોટા કદનું છે. આપણે ત્યાં ચંડૂલ ઘણાં પ્રકારનાં છે. તેમાંનાં કેટલાંક સ્થાયી નિવાસી, કેટલાંક મુલાકાતી છે. તેમાં વિગતે જોઈએ તો આપણાં કાયમી નિવાસી ચંડૂલની જાતમાં; Singing BushLark- અગન ચંડૂલ, Indian BushLark- આગિયો ચંડૂલ, Rufous-tailed Lark-ખેતરિયો, Send Lark- રેત ચંડૂલ, Ashy- crowned Sparrow Lark- ભોંયચકલી, Crested Lark- મોટો મોર-ચંડૂલ, Sykes's Lark- નાનો રાતો મોર-ચંડૂલ અને Oriental SkyLark- ભરત ચંડૂલ સમગ્ર ગુજરાતમાં જોવા મળે છે. આ બધી ભુલભુલામણી જેવી ચંડૂલની જાતો ઉપરાંત અન્ય બીજી જાતો પણ આપણે ત્યાં જુદા જુદા પ્રદેશમાં મુલાકાત લે છે.

અહીં આજે આપણે નાના રાતા મોર-ચંડૂલ (Sykes's Lark)નો પરિચય મેળવીએ. મોર ચંડૂલના માથે અણીદાર કલગી હોય છે. મોર ચંડૂલનો રંગ રાખોડી અને રતુંબડો છે. તેના શરીર પર કાળી, ઘેરી ભૂરી રેખાઓ છે. ચાંચ અને પગ બદામી રંગનાં છે. ટૂંકમાં કહીએ તો ચંડૂલ ભૂખરો, રાખોડી, રેતાળ અને રતુંબડો એવા બધા થોડા-થોડા રંગો ધરાવતુંને છેવટે ધરતીના રંગો સાથે ભળી જતું પંખી છે, પણ એને ઓળખવાની સહેલી નિશાની છે તેની કલગી. મોટા ભાગના ચંડૂલ કૌટુંબિક ટોળીમાં રહે છે. તેઓ આપણે ત્યાં ખુલ્લા વેરાન પ્રદેશો, ચરિયાણો તથા ગામના પાદરમાં છૂટથી જોવા મળે છે. તેમજ અર્ધરણપ્રદેશમાં પણ ધરતી પર દોડતાં જોઈ શકાશે. તે ઘાસનાં બી,






નાનાં ઢાલિયાં જીવડાં અને બીજી જાતનાં જીવડાં ખાય છે.

ચંડૂલનો કંઠ બહુ મીઠો છે. તે પ્રવાહી, મીઠા, સિસોટી જેવા સ્વરે ગાય છે. તે જાતજાતનાં પંખી તથા કૂતરા-બિલાડાની બોલીના પણ ચાળા પાડી શકે છે. ચંડૂલ સુંદર સ્વરમાં સંગીતબદ્ધ સૂરમાં ગાઈ શકે છે. તે આમ તો હવામાં ઝળૂબી રહીને ગાવાનું પસંદ કરે છે, પરંતુ વગડામાં ઊંચે ચડતાં વાડ, છોડ કે જમીન પર, ઢેફાં પર કે પથ્થર પર બેસીને પણ ગાય છે. રતુમડા રંગનું ચોટલી ધરાવતું આ ચંડૂલ ગામ નજીકની સીમ કે વીડમાં વસે છે.

પ્રજનનઋતુમાં નર મધુર અવાજે ગાતો-ગાતો ઊડે છે. જ્યારે નર ચંડૂલ ચોમાસે માદા સામે પ્રણય પ્રદર્શન આદરે છે ત્યારે આકાશે ઉંચે ચડી ગાન શરૂ કરે છે. દૃષ્ટિ કરો તો માંડ દેખાય. ગાતા ગાતા નીચે ઊતરે અને કોઈક સાઠીકડાંની ટોચે કે પથ્થર પર ઊતરે. પણ તેનું ગાન તો અવિરત ચાલુ જ હોય. જેમાં આજુબાજુમાં વસતાં અન્ય પક્ષીઓના અવાજોની વચ્ચે વચ્ચે નકલ કરે. જો કે અનુભવી પક્ષીનિરીક્ષક તે અવાજ ઓળખી જાય. કહે છે કે જેટલી તેની નકલખોરીની વધારે આવડત તેટલી ઝડપથી તે પોતાની પ્રેમિકાને રીઝવી લે. પક્ષી નિષ્ણાત શ્રી વિરલ જોષી નામના યુવાન પક્ષીઓની વિવિધ બોલીનો ગહન અભ્યાસ કરે છે. ચંડૂલ પક્ષીએ જુદાં જુદાં ત્રીસેક જેટલાં પક્ષીઓના અવાજની નકલ કરી હોય એવી તેઓએ નોંધ લીધી છે. છે ને આપણું આ ચંડૂલ આશ્ચર્યજનક!

આપણાં ગાયક પક્ષીઓ સારું ગાય એ તો સમજ્યા, પણ કેટલાકમાં બીજી પણ ખૂબી હોય છે. તેઓ જ્યાં વસતા હોય તેની આસપાસના પક્ષીઓની બોલીની નકલ કરવાની આવડત ધરાવે છે. જેમ કે કાળિયો કોશી શકરા બાજના અવાજની નકલ કરી બીજાં પક્ષીઓને ભગાવે છે, જેથી સહેલાઈથી સ્પર્ધા વિના તેનો ખોરાક તેને મળી શકે. તો કેટલાંક પક્ષીઓ પ્રણયઋતુમાં માદાને આકર્ષવા ગીતની સાથોસાથ અન્ય પક્ષીઓના અવાજની નકલ કરી પોતાની સર્વોપરિતા બતાવી જોડી બનાવે છે. ચંડૂલ પણ આ પૈકીનું એક છે.



ચંડૂલના માળાની ઋતુ ચોમાસું છે. જેઠથી આસો માસ દરમિયાન ચંડૂલ પોતાનો માળો ધરતી પર ઘાસ કે ઢેફાની ઓથે બાંધે છે. માળો ખુલ્લી જમીન પર છીછરા ખાડામાં બનાવે છે. માળો બનાવવા માટે તે ઘાસ ઉપરાંત ઊન, લીલા છોડની છાલના રેસા તથા બીજા મુલાયમ રેસાનો ઉપયોગ કરે છે. માળામાં પોચી ગાદી બનાવવામાં આવે છે. માળાનો આકાર સરસ વાટકા જેવો હોય છે. માદા ત્રણથી પાંચ લીલાશપડતા કે પીળા રંગનાં છાંટણાંવાળાં ઈંડાં મૂકે છે.

સુંદર દેખાતું ચંડૂલ સુંદર ગાનારું પંખી છે. તમે એને પહેલી વાર જુઓ અને ગાન સાંભળવાની આશા રાખો તો તમે તેનો રાગ સાંભળી ન પણ શકો. પંખીઓનાં ગીતો સાંભળવા માટે ધીરજ, અવલોકન કરવાની ટેવ અને રસ-લગન જોઈએ. આ શોખ કેળવવાથી આપણા મનને ઘણી શાંતિ મળે છે. અખતરો કરજો ક્યારેક.

# પબ્લિક ટોઇલેટના દરવાજા નીચે કેમ રાખવામાં આવે છે ખાલી જગ્યા?

ઘણા લોકોને એવું લાગે છે કે, કદાચ પૈસા બચાવવા માટે અથવા આર્કિટેક્ટની કોઈ ભૂલના કારણે દરવાજા આવા નાના બનાવવામાં આવ્યા હશે. પરંતુ તમને જાણીને નવાઈ લાગશે કે, આ કોઈ એન્જિનિયરિંગ ખામી કે ભૂલ નથી, પરંતુ આખી દુનિયામાં પબ્લિક ટોઇલેટના દરવાજા ખાસ હેતુથી જાણીજોઈને આવા ડિઝાઇન કરવામાં આવે છે. આ નાનકડી દેખાતી ડિઝાઇન પાછળ કેટલાક ચોંકાવનારા વૈજ્ઞાનિક, સુરક્ષા અને વ્યવહારુ કારણો જવાબદાર છે.

પબ્લિક ટોઇલેટના દરવાજા ફર્શથી ઉપર કેમ હોય છે? જ્યારે તમે બહાર ક્યાંક ટોઇલેટ માટે જાઓ છો, ત્યારે ત્યાંના દરવાજા ફર્શથી ઉપર સુરક્ષાને ધ્યાનમાં રાખીને નાના બનાવવામાં આવે છે, જેથી ઇમરજન્સીની સ્થિતિમાં તમારી મદદ



કરી શકાય. મુખ્ય કારણ છે સુરક્ષા. ઘણી વાર અચાનક કોઈની તબિયત ખરાબ થઈ જાય છે અને તે ટોઇલેટમાં જ બેભાન થઈને પડી રહે છે. તેવામાં બહાર હાજર લોકો આ ગેપથી પરિસ્થિતિનો અંદાજો લગાવી શકે છે. વ્યક્તિને બહાર કાઢી શકે છે.

પબ્લિક ટોઇલેટની સાફ-સફાઈનું ધ્યાન રાખવું ખૂબ જરૂરી હોય છે. આવામાં મોલ્સ, રેલ્વે સ્ટેશન, સિનેમા હોલ વગેરેમાં બનેલા ટોઇલેટની સફાઈ દરમિયાન દરવાજાની નીચેની ખાલી જગ્યામાં સરળતાથી પોતા મારી શકાય. આના માટે દરવાજો ખોલવાની જરૂર હોતી નથી. ડોર અને ફર્શ વચ્ચે ગેપ હોવાથી સફાઈ કર્મચારી પોતાનું કપડું, ક્લીનિંગ ટૂલ્સને નીચેના ગેપમાંથી અંદર પહોંચાડી શકે છે. હાઈજીન પણ મેન્ટેન રહે છે. દુર્ગંધ પણ દૂર થાય છે.

બીજુ કારણ એ પણ છે કે, બહાર ટોઇલેટમાં દિવસભરમાં સેંકડો લોકો આવે-જાય છે, આનો ઉપયોગ કરે છે, જેથી દુર્ગંધ આવવી સ્વાભાવિક છે. ભેજ, દુર્ગંધને દૂર કરવા અને બહેતર એર વેન્ટિલેશન જાળવી રાખવું ખૂબ જ જરૂરી બની જાય છે. નીચેનો ગેપ હવાની અવરજવરમાં મદદ કરે છે. આનાથી ટોઇલેટની અંદર તાજી હવા પહોંચતી રહે છે અને બદબૂ પણ ઓછી થઈ જાય છે.